સવાલ—મધપુડો કોણ બાંધે છે અને તે ક્યાં ક્યાં બાંધે છે ? મધ ક્યાંથી લાવે છે ? મીણ શેમાંથી બનાવે છે ? મધપુડામાં કેટલી જાતના માખીઓ હોય છે અને તે કઇ કઇ ? રાણીનું કામ શું છે ? મધ

પુડાનાં ખાનાં કેટલા ખુણાવાળા હોય છે ? ખાનાં કેટલી જાતનાં હોય છે ? ઈંડાં કયાં ખાનામાં મૂકે છે ? અને તે કોણ મૂકે છે ? મોટા ખાનામાં કયાં ઈંડાં મુકવામાં આવે છે ? રાણી અને કામ કરનારી માખીમાં શો ફેર હોય છે ? કામ કરનારી માખીઓ શું શું કામ કરે છે ? નર અને માખીમાં શો ફેર હોય છે ? નર ને મારી નાખવાનું કારણ શું ? મધ અને મીણનો ઉપયોગ કહો. મધમાખી પરથી આપણે શું શિખામણ લેવી ?

પાઠ ૫૩ મો.

શેખ=મુસલમાનની એક જાત
બતક=પાણીવાળી જગામાં રહેનારૂં પક્ષી
પીછા=પીંછાં
ચીકટ=ચિકાશ
ભિંજાતું=પલળતું
નબળું=કમજોર
જોડાએલાં=સંધાએલાં
દાઢ=બેવડા દાંત
અણીદાર=તીણા
ગળી જાય છે=ઉતારી દે છે
જાળવે=સાચવે; સંભાળે
ઢાંકી=છુપાવી
બીકણ=બીએ એવો
ધસીને દોડે છે=હુમલો કરે છે
માંજર=કલગી
દીપે છે=શોભે છે
ખોતરવાની=ખોદવાની
વહાણું વાય=સવાર થાય

સવાલ—બતક કેવી જગામાં રહે છે ? બતકનું શરીર કેમ ભિંજાતું નથી ? બતક શું ખાય છે ? બતકની ચાંચ કેવી હોય છે ? બતકને પાંખ છે ત્યારે કેમ ઊડી શકતી નથી ? બતકને કેટલા પગ હોય છે ? દરેક પગે કેટલાં આંગળાં હોય અને ક્યાં હોય છે ? આપણે પાણીપર ચાલી શકતા નથી અને બતક શા માટે ચાલી શકે છે ? બતક ખોરાકના કકડા કેમ કરી શકતી નથી ? મરઘા અને બતકની ચાંચમાં ફેર શું ? મરઘા પાણીપર કેમ ચાલી શકતા નથી ? મરઘી છે કે મરઘો તે શી રીતે ઓળખી શકાય ? મરઘા શા માટે પાતળા હશે ? મરઘા કોણ પાળે છે ? મરઘો ક્યારે ક્યારે બોલે છે ને શું બોલે છે ?

સાર—મરઘો બોલે છે તે પરથી સવાર ને બપોર સમજાય છે,

પાઠ ૫૪ મો.	માળો=પક્ષીનું ઘર	લગી=સુધી
કાબરી=કાબર ચીતરી	ખુણેખાચરે=ખુણામાં	રઝળીને=રખડીને
રૂ=કપાસમાંથી કપાસીઆ કાઢી લીધા પછી જે રહે છે તે	દરેક ફેરે=દરેક વખતે	ફાયદો=ગુણ
	ભુરા=આસમાની	વીણીવીણીને=શોધી શોધીને
તણખલાં=તરણાં	ટપકાં=છાંટ	ભો=બીક; ડર

સવાલ—ચકલીના શરીરના ભાગ ગણાવો. ચકલીની ચાંચ કેવી હોય છે ? ચકલી કેવા કેવા રંગની હોય છે ? ચકલીને એક એક પગે કેટલાં આંગળાં હોય છે અને તે કેવી રીતે હોય છે ચકલી ક્યાં રહે છે ? માળા શેના બનાવે છે ? ચકલી વરસમાં કેટલી વાર ઇંડા મૂકે છે? બચ્ચાંને ક્યાં સુધી ખવડાવે છે ? ચકલી શું શું ખાય છે ? ચકલી દરેક ફેરે કેટ કેટલાં ઇંડાં મૂકે છે ? ઇંડાંનો રંગ કેવો હોય છે ? ચકલી ખેડુતને શો ફાયદો કરે છે અને તે કેવી રીતે ? ચકલીને કોની કોની બીક હોય છે ; ચકલી ને ચકલો ઓળખવાની નિશાની શું ?

પાઠ ૫૫ મો.	ચપટા=બેઠેલા	ભલુ ચાહનાર
દેખાવ=શોભા	ભુસું=થુલું	ધણી=માલિક
ગરદન=બોચી	દાણા=અનાજ	પ્રીતિ=હેત; પ્યાર.
કેશવાળી=ઘોડાની ગરદન પરના વાળ	મજલ=મુસાફરી; અંતર	શરત=હોડ; હારજીત
	પાણીદાર=જોરવાળી; ઝડપથી દોડનાર	ટટ્ટી=કામડાની વાડ
નક્કર=સંગીન		કુદાવે=ફલંગ મરાવે
સપાટ=સરખી	અરબી=અરબસ્તાની	જીન=ચામડાનું પલાણ
લગામ=દોર	નીમકહલાલ=ખાય તેનું ભલું કરનાર, ધણીનું	સવારી કરે છે=બેસી મુસાફરી કરે છે
તીણા=ધારવાળા		

સવાલ—ઘોડાની ગરદન પરના વાળને શું કહે છે ? કેશવાળી કોને કોને હોય છે ? ઘોડો સપાટ જમીનપર સપાટાબંધ દોડી શકવાનું કારણ શું ? એના કાન કેવા હોય છે ? લગામ ક્યાં ઘાલે છે

કયા દાંત વડે ખોરાક કાપે અને કયા વડે ચાવે છે? ઘોડો શું શું ખાય છે? નાળ શા માટે જડાવે? ઘોડાનો રંગ કેવો હોય છે? ઘોડાની કઇ કઇ જાતો છે? ઘોડામાં કયા કયા ગુણ છે? ઘોડો શા શા ઉપયોગમાં આવે છે? ઘોડો કેટલા વરસ સુધી જીવી શકે છે?

શેઠ=સાહુકાર
નાળબંધ=નાળ જડનાર
ખરી=જનાવરના પગના તળીઆનું હાડકું
ફેર=તફાવત
ઝુમખો=જથો
ખોંખારે=હણહણે

ભૂકવું=ગધેડાનું બોલવું
અડીઅલ=અડી જાય એવું; જીદ્દી; હઠીલું.
ઠોઠ=અક્કલ વગરનો
નવાઇ=અચરતી
મહેનતુ=મહેનત કરે એવું
ધીરજવાળું=દુઃખ ખમનાર.

કહ્યાગરૂ=કહ્યા પ્રમાણે ચાલનાર
ટટ્ટુ=નાનો ઘોડો
ખચ્ચર=ગધેડી ને ઘોડાના સંગમથી પેદા થએલો તે
વાળ=નિમાળા

ઘોડો, ખચ્ચર અને ગધેડાનો મુકાબલો—ત્રણેને બે આંખ, બે કાન, ડોકું, મોં, માથું, પીઠ પુછડું; અને ચાર પગ હોય છે. ત્રણેનું મોં લાંબું હોય છે ત્રણેના શરીરપર ટુંકા વાળ છે; પગને તળીએ ગોળ દાબડા છે. ઘોડો અને ખચ્ચરના ડોકપર કેશવાળી હોય છે. ઘોડો અને ખચ્ચરના પુછડાપર મોટા લાંબા વાળ આખે પુછડે હોય છે, ખચ્ચર ને ગધેડાના કાન મોટા હોય છે. ગધેડા કરતાં ખચ્ચર મોટું, ને ખચ્ચર કરતાં ઘોડો મોટો હોય છે.

પાઠ ૫૭ મો.

ગોકુળગાય=પરમેશ્વરની ગાય.
વાનાં=વસ્તુ
ધડ=ગરદનથી પગ સુધીનો બધો ભાગ
ડોકું=ધડની ઉપરનો ભાગ
તાળવું=મોંઢાની અંદરનો ઉપલો ભાગ
ભવાં=ભમર; આંખ ઉપરના કમાનદાર વાળ
પોપચું=આંખનું ઢાંકણ
ખાળે છે=અટકાવે છે

છેડો=નાકું
મૂળ=શરૂઆત.
ગળું=ગરદનની પછવાડેનો ભાગ.
વચલે ગાળે=વચ્ચોવચ.
કેડ=કમર.
ઢીંચણ=ઘુંટણ

શરીર વિષે—શરીરના મુખ્ય બે ભાગ, ડોકું ને ધડ છે. ડોકામાં માથું, (માથા ઉપરનો ભાગ ખોપરી કહેવાય છે. તે પર વાળ ઉગે છે.) કપાળ, લમણાં, કાન, આંખ, નાક, મોઢું. મોઢાની અંદર જીભ, દાંત અને તાળવું છે. ગાલ, ગળું, બોચી, દાઢી અને હડપચી છે. ધડમાં બે હાથ, ખભા, બગલ, છાતી, પેટ, ડુંટી, પેઢું, કેડ, વાંસો, બે પગ, જાંઘ, ઢીંચણ, નળો, પાટલી, તળીઉં, એડી, અને ઘુંટી છે.

પાઠ ૫૮ મો.	ફીકર=ચીંતા	જ્ઞાન=સમજ
આકાર=ઘાટ	ધબાકો=અવાજો	

સવાલ—ઇંદ્રિયો કોને કહેવી? ઇંદ્રિયો કેટલી છે ને તે કઇ કઇ? આંખ, કાન, જીભ અને ચામડીનો ઉપયોગ કહો, આંખ વડે પદાર્થના કયા કયા ગુણ જાણી શકાય? જ. રંગ, આકાર અને ચળકાટ. હાથ વડે પદાર્થના કયા કયા ગુણ જાણી શકાય? જ. ભારે ને હલકું; પોચું ને કઠણ; લીસું ને ખરબચડું; ટાઢું ને ઉનું; અને આકાર. કાન, નાક. અને જીભ વડે પદાર્થના કયા ગુણ જણાય? નાક વડે વાસ; કાન વડે અવાજ અથવા રણકો, જીભેવડે સ્વાદ.

પાઠ ૫૯ મો.	અને વાદળી રંગ	વાનું સુતરાઉ લુગડું
રંગરેજ=રંગારો	ઝાંખા=તેજ વગરનાં	ગળીનો રંગ=કાળો રંગ
છુટ્ટી=રજા	સેલા=દોપટ્ટા	વત્તા=વધારે
મૂળરંગ=લાલ પીળો	સાલ્લો=બાયડીને પહેર-	ખુલતા=બહાર પડતા

સવાલ—રંગરેજ શું કામ કરે છે? મૂળ રંગ ગણાવો. કીરમજી રંગ બનાવવાની રીત કહો. કીરમજી રંગથી કયા કયા લુગડાં રંગાય છે? કેસરીઓ રંગ શી રીતે બનાવવો? કેસરીઓ રંગ કહેવાનું કારણ શું? લીલો, નારંગી, તપખીરી અને કત્થાઇ રંગ શી શી રીતે બનાવવો? પીળા રંગમાં થોડો કાળો રંગ મેળવીએ તો કયો રંગ બને? ઝાંખો ભુરો રંગ શી રીતે બને? ખુલતો વાદળી રંગ બનાવો. ગુલાબી શું શું મેળવીને બનાવે છે? મૂળ રંગ પરથી બીજા રંગો શી રીતે બનાવે છે?

પાઠ ૧૦ મો.	છીંટ=તરેહવાળું કપડું	મરજ સારે છે=કામ કરે છે
ઉઘાડો=નાગો; લુગડાં પહેર્યાં વગરનો	જંગલી=સમજણ વગરના	ભીંગડાં=જાડાં પડ
કાંતીને=તાર કાઢીને	છાલ=છોડું	જામદાની=ઝીણું બુટ્ટાદાર લુગડું
વણે છે=બનાવે છે	રંગદાર=રંગવાળા	બારતો=સુતરાઉ કપડું
દોશીવાણીઓ=કાપડીઓ;	ઢાંકણ=કવર	ખાદી=હોટી
	રૂવાંટી=ઝીણા વાળ	

સવાલ—લુગડાં પહેરવાથી શો ફાયદો ? ઊન એટલે શું ? ઊનનું કયું કયું કાપડ બને ? ઘેટાંને ટાઢ કેમ વાતો નથી ? ઊન સિવાય બીજા શેનાં લુગડાં બને છે ? રૂ ક્યાં થાય છે ? રૂન લુગડાં શી રીતે બને ? રૂનાં કયાં કયાં લુગડાં થાય છે ? જંગલી લોકો ઊન અને રૂના લુગડાં પહેરતાં નથી ત્યારે કેવાં કેવાં લુગડાં પહેરે છે ? પશુ પક્ષીને લુગડાં પહેરવાની જરૂર શા માટે પડતી નથી ?

કવિતાની સમજુતી.

કવિતા ૧. પાઠ ૨. સવારના પહોરમાં શું શું બને છે તેની હકીકત.

હે ! મારા વહાલા દીકરા તું ઊઠ. જંગલમાં પક્ષીઓ બોલે છે. રાત પુરી થઇ ને સવાર પડી, પૂર્વ દિશામાં સૂરજ ઊગવાની તૈયારી થવાથી અજવાળું થયું: તેથી જાત જાતના રંગો દેખાય છે અને ઝાડ પાંદડાં હાલે છે. માટે હે ! મારા વહાલા દીકરા તું ઊઠ. જંગલમાં પક્ષીઓ બોલે છે. (૧) મરઘા કુકરેકુક કરે છે અને કાગડા કા કા કરે છે; શોભિતાં મેના, પોપટ અને મોર મીઠા બોલ બોલે છે. (ટેક) (૨) સૂરજના ઊગવાથી ચંદ્રમાનું અજવાળું ઝાંખું પડયું, અને તારાનો પ્રકાશ દેખાતો બંધ થયો; મતલબ કે તારા દેખાતા નથી. તેથી ચોર લોકો ઝંખવાઇ ગયા અને સંતાઇ જવાને માટે ગલીકુંચી શોધે છે. (ટેક ૩) ભગત ઇશ્વરનું ધ્યાન ધરે છે, અને ગવૈયાઓ ગાયન ગાય છે; ઉદાર માણસો ઘણું દાન આપે છે અને મુલ્લાંજી નિમાજ પઢવાને માટે બૂમ પાડે છે. (ટેક ૪) સૂરજ ઉગ્યો તેથી

રાતનું અંધારૂં જતું રહ્યું; ભમરો ગું ગું અવાજ કરી રહ્યો છે, અને કમળના ફૂલની પાંખડીઓ ખીલી છે. (ટેક. ૫) જેમ જેમ સુરજનું અજવાળું વધારે વધારે પડતું જાય છે મતલબ કે જેમ જેમ દિવસ ચઢતો જાય છે તેમ તેમ માણુસો ધંધે વળગવાને માટે હોંસિલા બને છે. પક્ષીઓ આકાશમાં દોડે છે, અને ઢોરો ચારો શોધે છે. (ટેક ૬)

ઝાડ, વેલા, ફળ, અને ફુલ, ભુલ વગર એટલે નિયમસર ખીલે છે; ઘણાં પક્ષીઓ એકઠા થઇને તાજું અનાજ ખાવાને માટે જાય છે. (ટેક ૭) હે બાળ! તું ખુશી થઇને પરમેશ્વરનું નામ લઇને ઉઠ અને મન દઇને પાઠ વાંચ. એમ મા પોતાના છોકરાને કહે છે. (ટેક ૮)

કવિતા ૨. પાઠ ૫ મો. સોબત તેવી અસર.

જેને જેવી સોબત તેને તેવીજ અસર થાય; જેને જેવી સોબત તેવોજ પ્યાર તેનામાં આવે. (૧) જેને જેવી સોબત તેના જેવાંજ તે કામ કરશે. જેને જેવી સોબત તેવીજ જગાએ તે જઇને ઉભો રહેશે. (૨) સારી સોબતથી સારો થશે, અને નઠારી સોબતથી નઠારો થશે: સારા મહેતાજીની સોબતથી વિદ્યા ભણે અને નસીબવાન થાય મતલબ કે સારા ગુણવાલા મહેતાજીના હાથ નીચે કેળવાય તો નસીબવાન થાય (મુ)

કવિતા ૩. પાઠ ૧૦. ફરી ફરીને સારૂં કામ કરવા બાબત.

કરોળીઓ જાળ બનાવતાં ભોંયપર પડી જાય છે, ત્યારે ગભરાય છે અને વગર તુટેલા (આખા) તાર ઉપર ચઢવાને માટે (ફરીથી) જાય છે. (૧) તેણે (કરોળીઆએ) તાર ઉપર ચઢવાને માટે મહેનત કરવા માંડી; પણ તરત તે નીચે પડયો અને ઉપર ચઢવાના કોઇ ઉપાયમાં ફાવ્યો નહિ (૨) એવી રીતે (પડતો અને ચઢતો) ફરી ફરીને બે ત્રણ વાર મંડયો રહ્યો તોપણ તેમાં ફાવ્યો નહિ ત્યારે ફરીને ચઢવાને તૈયાર થયો (૩) હિંમત રાખીને ઉમંગથી તે છઠ્ઠીવાર ચઢવાને મંડયો રહ્યો; તેણે ધીરજ રાખી તેથી તે નક્કી જાળામાં જઇ પહોંચ્યો. (૪) જો કરોળીઆએ ફરી ફરીને કાળજીથી મહેનત નહિ કરી હોત તો પગ તળે છુંદાઇને વગર મોતે મરી જાત. (૫)

એ પ્રમાણે (કરોળીઆની પેઠે) જો માણુસો મનમાં કાળજી રાખીને આળસ કાઢી નાખીને મહેનત કરે તો ઘણોજ ફાયદો મેળવે.

સાર—સારૂં કામ ફરી ફરીને ઉમંગથી કરવું.

કવિતા ૪ થી પાઠ ૧૫ મો. હળીમળીને રહેવા વિષે.

આપણે બંને જણુ ભાઇ અને બેન મળી સંપીને (હળીમળીને) રમીએ તો સુખ થાય અને મજા પડે, પણુ જો લડીએ કે કજીઓ કરીએ તો ઘણી દીલગીરી થાય, આબરૂ ઓછી થાય, અને લોકો નઠારૂં બોલે. (૧) હે! જોરાવર બાપ પરમેશ્વર તું અમને હંમેશાં સંપ આપ; (હળીમળીને રહેવાની બુદ્ધિ આપ) જેથી કરીને અમારા દહાડા સુખમાં જાય અને કોઇ દિવસ જરાપણુ કંકાસ થાય નહિ. (૨) છોકરાં હળીમળીને રહેતાં હોય અને કોઇ દિવસ કોઇ લડે કે રડે નહિ, તેઓ હળીમળીને રમે, જમે અને ગીતો ગાય તો મા ઘણી ખુશી થાય. (૩) સાર–ભાઇબેન સાથે સંપસંપીને ચાલવું.

કવિતા ૫મી. પાઠ ૧૭મો. વગર વિચાર્યું ન કરવા વિષે.

જે માણુસ વિચાર કર્યા વગર કામ કરે છે, તે પાછળથી દીલગીર થાય છે; જુઓ એવાં (વગર વિચારનાં) કામ કરવાથી ઘણાના જીવ જાય છે. (મરી જાય છે.) (૧) સાર—ઉતાવળથી વગર વિચારે કામ કરવું નહિ.

કવિતા ૬ ઠ્ઠી પાઠ ૨૫ મો. કુહાડી.

નાનો છોકરો બાપની કુહાડી લઇ જોરાવર ડાહ્યો મરદ બન્યો ને જે કંઇ ચીજ જુએ તે ઘા મારીને કાપે, એમ રમતો ગામને પાદરે તળાવપર ગયો. (૧) ત્યાં (તળાવમાં) માછલાંએ જરા પાણી હલાવ્યું, તેથી છોકરાએ પાણીની અંદર કંઇક જોયું, એટલે છોકરો મનમાં બીધો, તેથી કુહાડી પાણીમાં પડી ગઇ, તે વખતે તે

બહુ ધાંટો પાડીને રડયો. (૨) હંમેશાં પાણીમાં આમ તેમ ડોલ્યાં કરતાં અને સમાઇ જતાં એવાં દયાળુ દેવી માતા છોકરાનો અવાજ સાંભળીને (પાણી ઉપર) આવ્યાં, દેવી બોલી કે આ રૂપાની કુહાડી છે, પણ છોકરો કહે છે કે હે! માતા, મારી કુહાડી એવી નથી. (૩) બીજી વખત સોનાની કુહાડી લાવીને બતાવી ત્યારે માથું ધુણાવી (ના કહીને) છોકરો કહે છે કે એ પણ મારી નથી, મને તો મારી કુહાડી ઘણી ગમે છે. માટે હે! દયાળુ માજી, તમે પાણીમાંથી મારી કુહાડી કાઢી આપો. (૪) દેવીએ કુહાડી કાઢી આપી અને છોકરા સાથે બોલ્યાં (છોકરાને કહ્યું) કે તને સુખ અને દોલત મળજો, ને પરમેશ્વરની મહેરબાની થજો. સાર—સાચું બોલવું.

કવિતા ૭ મી. પાઠ ૩૩ મો. પરમેશ્વરની મોટાઈ.

જગતના બનાવનાર (પરમેશ્વરે) આ દુનિયામાં ઘણીજ સારી બનાવટ કરી છે. તેણે આ દુનિયામાં નાના મોટા એમ ઘણી જાતના જીવો બનાવ્યાં છે. (૧) તરેહવાર રંગના ખીલતા ફૂલો, ગાયન ગાતાં પક્ષીઓ અને સારા રંગવડે શોભતાં ઝાડનાં પાંદડાં તથા પક્ષીની પાંખો તેણે બનાવ્યાં છે. (૨) વળી પરમેશ્વરે મોટા મોટા પહાડો, ભેખડો, દરીઆ, નદી, ઓવારા અથવા પહાડમાંથી જવા આવવાના રસ્તા, શહેર અને જંગલના રસ્તા વગેરેની આવી શોભિતી બનાવટ બનાવી છે. (૩) શિઆળામાં ઠંડો પવન સારી ઠંડક આપે છે. અને ઉનાળામાં સુરજનો તાપ નક્કી ઘણો પડે છે. (૪) ચોમાસાની ઋતુમાં વરસાદ વરસે છે. ઝાડો પર ફળો લટકતાં દેખાય છે, અને મોરનો મીઠો અવાજ સંભળાય છે. (૫) અજવાળીઆમાં ચંદ્રનું અજવાળું આનંદ આપે છે, અને અંધારીઆમાં તારાના પ્રકાશનો

રંગ શોભિતો દેખાય છે. (૬) રમવાને અને મોજ ભોગવવાને માટે મોટાં મેદાનો બનાવ્યાં છે, વળી પાણીમાંના વેલા અને તેનાં પાંદડાં કેવાં તરે છે! (૭) હે પરમેશ્વર, તેં જોવાને માટે આંખ આપી છે, સાંભળવાને માટે કાન આપ્યા છે, અને બોલવાને માટે જીભ આપી એ સારૂં કર્યું છે. (૮) વળી દાંત આપ્યા તેની સાથે ખાવાનો ખોરાક આપીને આપણાપર બહુ ઉપકાર કર્યો છે; હે! પેદા કરનાર (પરમેશ્વર) તેં જે જુક્તિ કરી છે તે સમજી શકાય તેમ નથી. (૯) સાર—પરમેશ્વરે માણસ જાતના સુખને માટે દુનિયામાં બધી વસ્તુઓ બનાવી છે, તેનો પાડ વાળવા માટે દરરોજ તેની ભક્તિ કરવી.

કવિતા ૮મી. પાઠ ૩૫મો. પાનખર ઋતુ (વસંત ઋતુ)માં શું શું બને છે તેની હકીકત.

મોટા વડના ઝાડ પર પથરાએલા વેલા તે જાણે તંબુ ઉભો કર્યો હોયની! એવું દેખાય છે, તંબુપર જેમ ધજા વાવટા ફરકતા હોય તેમ કેળ, નાળિએરી અને તાડનાં ઝાડ ધજાને વાવટા જેવાં જણાય છે. (૧) ઝાડનાં પીળાં અને પાકાં પાંદડાં હોય તે ખરીને જમીનપર પડે છે, પછી ઝાડને નવાં પાંદડાં આવે છે તેથી ઝાડ શોભિતાં દેખાય છે. (૨) વસંત ઋતુમાં જુનાં પાંદડાં પાકાં થવાથી ખરી પડે છે અને તેને બદલે નવાં પાંદડાં ફુટી નીકળે છે. કોયલ મધુર શબ્દ બોલે છે; તીતર, કબુતર અને બીજાં ઘણાં પક્ષીઓ સારા રાગથી ગાય છે, અને સારી રીતે નાચે છે. (૩) લોકો કેસુડાંના ફૂલનો (કેસુડો) રંગ ઘોળીને હોળી રમે છે, એટલે રંગની એક બીજા પર પીચકારી મારે છે, બાગમાં ફુઆરા ઉડાડે છે. અને બજારો તથા ચોકમાં પાણી છાંટે છે. મતલબ કે પાણીનો

છંટકાવ કરે છે. (૪) ભમરાઓ ગું ગું અવાજ કરે છે. અને ઝાડો પર ઘણા તરેહવાર રંગો દેખાય છે; આંબા ઉપર મોર આવવાથી તે શોભે છે, અને ચોત્તરફ ચાંદની શોભી રહી છે. (૫) માણસો લહેજતથી (ખુશીથી) શીખંડ ખાય છે. અને ઠંડુ પાણી પીએ છે. પશ્ચિમ અને દક્ષિણ તરફના પવનથી શરીર સુખી રહે છે. પશ્ચિમ અને દક્ષિણમાં દરીઓ હોવાથી પવન ઠંડો આવે છે.

કવિતા ૯ મી. પાઠ ૪૭ મો. ખેડુત વિષે.


અરે! ખેતી કરનાર, તું ખરેખર જગતનો બાપ ગણાયો છે. કારણ કે તું ખેતી કરે છે તેથી બધા પ્રાણીને ખોરાક મળે છે. આ આખી દુનિયાનું પોષણ કરનાર પણ તુંજ જણાય છે. (૧) તું કપાસ, ફળ, ફૂલ, ઘાસ અને અનાજ પકવે છે; તોજ બધાં પ્રાણીઓ અનાજ ખાય છે અને માણસો ખુશીથી કપડાં પહેરે છે. (૨) તું વરસાદ ને તડકો વેઠે છે અને વળી ઘણી મહેનત કરે છે. તેથી તું શરીરે જબરો બને છે અને હંમેશાં સંતોષથી ફરે છે એટલે સંતોષી રહે છે. (૩) ખેતી નક્કી સૌથી સારી છે, વળી તે પારકાના પર ઉપકાર કરનારી છે; તું કાળજીથી ખેતી કરે છે અને જગતને સારી શિખામણ આપે છે, કે તમે મારી પેઠે મહેનત કરશો તો જબરા, સંતોષી અને પારકાનું ભલું કરનારા થશો. (૪) કહેવત છે કે "ઉત્તમ ખેતી, મધ્યમ વ્યાપાર, નફ્ફટ નોકરી, નિદાન ભીખ, એટલું ન આવડે તો દલાલી શીખ."

કવિતા ૧૦ મી. પાઠ ૫૩ મો. મધમાખી.

હે! મધમાખી, તું મહેનતુ છે, અને વળી કારીગરીની નિશાળ છે, (કારીગરીની નિશાળ કહેવાનું કારણ એ કે મધપુડાના

ખાનાં જેવી કારીગરી માણસથી પણ બરાબર થઇ શકે નહિ.) મનને મોહ પમાડે એવો મધપુડો બનાવે છે. અને તરતજ તેમાં રસ મૂકે છે. (૧) મીઠું મધ ચૂશી લઇને તું મીણુ બનાવે છે, તેથી (મધ અને મીણુથી) ઘણાં કામ થાય છે અને તે ઘણોજ ફાયદો કરે છે. (૨) તું નાનું સરખું જીવડું છે, પણ મોટું ઉપયોગી કામ કરતું જણાય છે. વળી તું ડાહી ને ચોકખી દેખાય છે, તેથી તારૂં જોઇને બધાં ડાહ્યા માણસો આળસ છોડી દે છે. (૩) કીડી, કરોળીઆ અને મકોડા વગેરે જે મહેનતુ જીવડાં કહેવાય છે, તેમાં પણ તુંજ વખણાય છે. મતલબ કે એ બધાં જીવડાં કરતાં તું વધારે મહેનત કરે છે. સાર—માણસે ઉદ્યોગી અને હુન્નરી થવું.

ભૂગોળની શરૂઆત.



દિશા—(સ. ૧) દિશા કેટલી છે? ઉ. ચાર. (સ. ૨) દિશાનાં નામ દો. ઉ. ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ. (સ. ૩) દિશા શા ઉપરથી જાણી શકશો? ઉ. સુરજ ઉપરથી. (સ. ૪) સુરજપરથી દિશા ઓળખવાની રીત બોલો જે દિશામાં સુરજ ઊગે તે પૂર્વ; આથમે તે પશ્ચિમ; સુરજ સામું મોં કરી ઉભા રહેવાથી ડાબા હાથ તરફની ઉત્તર અને જમણા હાથ તરફની દક્ષિણ (સ. ૫) સુરજ બીલકુલ ન દેખાય તો શા વડે દિશા પારખશો? ઉ. ધ્રુવના તારા ઉપરથી. (સ. ૬) ધ્રુવના તારા ઉપરથી દિશા જાણવાની રીત બોલો. ઉ. ધ્રુવનો તારો હંમેશા ઉત્તર દિશામાં ઊગે છે માટે એ તારા તરફની ઉત્તર, તેની સામેની દક્ષિણ; જમણા હાથપર પૂર્વ ને ડાબા હાથપર પશ્ચિમ. (સ. ૭) જે ધ્રુવના તારાને નહિ ઓળખતા હોય તો તેને માટે બીજું સાધન છે? ઉ. હોકાયંત્ર. (સ. ૮) હોકાયંત્રપરથી કઇ દિશા જાણી શકાય? ઉ. ઉત્તર દિશા. (એની સોય હંમેશાં ઉત્તર દિશાપર રહે છે) (સ. ૯) દિશા જાણવાથી શું ફાયદો? ઉ. ફલાણી જગાથી ફલાણી જગો કઇ દિશાએ અથવા અમુક સ્થળથી અમુક સ્થળ કઇ દિશામાં આવે તે માલમ પડે છે. (સ. ૧૦) નકશાની દિશા શી રીતે જાણવી? ઉ. નકશા સામું મોં કરી ઉભા રહીએ તો માથા તરફની ઉત્તર; પગ તરફની દક્ષિણ; જમણા હાથ તરફથી પૂર્વ અને ડાબા હાથ તરફની પશ્ચિમ. સુચના-ચિત્રમાં નકશાની દિશા બતાવી છે.

ખુણા—(પ્ર. ૧) ખુણા કેટલા છે? ઉ. ચાર. (પ્ર. ૨) ખુણાનાં નામ બોલો. ઉ. અગ્નિ, નૈઋત્ય, વાયવ્ય, ઇશાન. (પ્ર. ૩) ખુણા પારખવાની રીત બોલો. ઉ. પૂર્વ ને દક્ષિણ વચ્ચે અગ્નિ, દક્ષિણ ને પશ્ચિમ વચ્ચે નૈઋત્ય, પશ્ચિમ ને ઉત્તર વચ્ચે વાયવ્ય અને ઉત્તર ને પૂર્વ વચ્ચે ઇશાન.

રાજકીય ભૂગોળ.

મહેસુલી ખાતું—(પ્ર. ૧) મહેસુલીખાતું શું કામ કરે છે? ઉ. જમીનની મહેસુલ ઉઘરાવી તેનો હિસાબ રાખે છે. (પ્ર. ૨) ગામની મહેસુલ ઉઘરાવનારને શું કહે છે? ઉ. તલાટી. (પ્ર. ૩) તલાટીને મદદ કરનાર કોણ હોય છે? ઉ. મુખી. (પ્ર. ૪) તલાટી ને મુખીના ઉપરીને શું કહે છે? ઉ. મામલતદાર. (પ્ર. ૫) મામલતદાર માજીસ્ટ્રેટ કયારે કહેવાય?? ઉ. ઇન્સાફનું કામ કરે ત્યારે. (પ્ર. ૬) મામલતદારપર કોણ દેખરેખ રાખે છે? ઉ. આસિસ્ટંટ કલેકટર કે ડેપ્યુટી કલેકટર. (પ્ર. ૭) આસિસ્ટંટ કલેકટર અને ડેપ્યુટી કલેકટરના ઉપરીને શું કહે છે? ઉ. કલેકટર. (પ્ર. ૮) કલેકટર શું કામ કરે છે? ઉ. મહેસુલી, પોલીસ, મ્યુનિસિપાલ, ઇસ્પિતાલ, બાંધકામ વગેરે ખાતાપર દેખરેખ રાખે છે. (પ્ર. ૯) કલેકટર ઇન્સાફનું કામ કરે છે ત્યારે એ કયા અધિકારી કહેવાય? ઉ. ડિસ્ટ્રીકટ માજીસ્ટ્રેટ. (પ્ર. ૧૦) કલેકટરને પોલિટિકલ એજંટ કયારે કહે છે? ઉ. જ્યારે દેશી રાજ્યો સંબંધી રાજકાજપર દેખરેખ રાખવાનું કામ કરે તે ત્યારે.

પોલિસ ખાતું—(પ્ર. ૧) પોલિસખાતું શું કામ કરે છે? ઉ. લોકોના જાનમાલનું રક્ષણ કરે છે. (પ્ર. ૨) ગામડામાં પોલિસ અધિકારી કોણ છે? ઉ. પોલિસ પટેલ મુખી. (પ્ર. ૩) તાલુકના પોલિસના ઉપરીને શું કહે છે? ઉ. ફોજદાર. (પ્ર. ૪) ફોજદારપર કોણ દેખરેખ રાખે છે? ઉ. ડિસ્ટ્રિકટ પોલિસ ઇન્સ્પેકટર. (પ્ર. ૫) ફોજદાર અને ડિસ્ટ્રિકટ પોલિસ ઇન્સ્પેકટરના ઉપરીને શું કહે છે? ઉ. પોલિસ સુપ્રિન્ટેન્ડન્ટ.

દિવાની ખાતું—(પ્ર. ૧) દિવાની ખાતું શું કામ કરે છે ? ઉ. લેણદેણનો ઇન્સાફ કરે છે. (પ્ર ૨) શહેરના રૂ. ૫૦૦)ની અંદરના લેણદેણનો ઇન્સાફ કરનારી કઇ કોર્ટ છે અને તેના ઉપરીને શું કહે છે ? ઉ સ્મોલકોઝ કોર્ટ, અને તેના ઉપરીને સ્મોલકોઝ જજ કહે છે ? (પ્ર. ૩) તાલુકામાં લેણદેણનો ઇન્સાફ કરવાને કઈ કોર્ટ છે ? અને તેના ઉપરીને શું કહે છે ? ઉ. સેકન્ડ કલાસ સબજજ કોર્ટ, અને તેના ઉપરીને સબજજ (મુનસફ) સાહેબ કહે છે. (પ્ર. ૪) શહેરમાં સબજજ કોર્ટો કઇ છે ? ઉ. ફર્સ્ટ કલાસ અને સેકન્ડકલાસ (પ્ર. ૫) જિલ્લામાં ઇન્સાફ કરનાર મુખ્ય અધિકારી કોણ છે ને તે શું કામ કરે છે ? ઉ. ડિસ્ટ્રિકટ જજ. તેઓ લેણદેણ સંબંધી ભારે દાવા ચુકવે છે. (પ્ર ૬) ડિસ્ટ્રિકટ જજના હાથ નીચે એ ખાતાના કયા કયા અધિકારી છે ? ઉ. સ્મોલકોઝ જડજ અને સબજજ.

વૈદક ખાતું—(પ્ર. ૧) વૈદક ખાતું શું કામ કરે છે ? ઉ માંદા માણસની માવજત કરે છે તથા તથા તેમને દવા આપે છે. (પ્ર. ૨) મોટા તાલુકામાં વૈદક અધિકારી કોણ હોય છે ? ઉ. હોસ્પિતાલ આસિસ્ટંટો. (પ્ર. ૩) હોસ્પિતાલ આસિસ્ટંટના હાથ નીચે કોણ હોય છે ? ઉ. કંપાઉન્ડર (દવા આપનાર) (પ્ર. ૪) હોસ્પિતાલ આસિસ્ટંટના ઉપરી કોણ અને તેઓ ક્યાં રહે છે ? ઉ. સીવીલ સર્જન, તે જિલ્લાના મુખ્ય શહેરમાં રહે છે.

જાહેર બાંધકામ ખાતું—(પ્ર. ૧) જાહેર બાંધકામ ખાતું શું શું કામ કરે છે ? ઉ. સરકારી મકાનો, રસ્તા, પુલો અને સડકો વગેરે બાંધે છે, તેમજ સમરાવે છે. (પ્ર. ૨) એ ખાતા તરફથી તાલુકામાં કોણ હોય-છે ? ઉ ઓવરસીઅર. (પ્ર. ૩) ઓવરસીઅરના ઉપરીને શું કહે છે ? ઉ. એકઝિક્યુટિવ ઇંજનેર.

કેળવણી ખાતું—(પ્ર. ૧) આસિસ્ટંટ માસ્તરના ઉપરીને શું કહે છે ? ઉ. મહેતાજી (પ્ર. ૨) નિશાળોની તપાસ રાખવા માટે જિલ્લામાં કોણ છે ? ઉ. ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર. (પ્ર. ૩) ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરને મદદ કરનાર કોણ ? ઉ. આસિ. ડે. એ, ઇન્સ્પેક્ટરો અને તાલુકા માસ્તરો.

મ્યુનિસિપલ ખાતું—(પ્ર. ૧) મ્યુનિસિપાલીટી શું શું કામ કરે છે ? ઉ. રસ્તા સાફ રાખવાનું, દીવાબત્તી સળગાવવાનું, સડકો પર પાણી છાંટવાનું, લોકોની સુખાકારી સંભાળવાનું, શરૂઆતની કેળવણી આપવાનું વગેરે. (પ્ર. ૨) મ્યુનિસિપાલીટીનો ખરચ શાથી નભે છે ? ઉ. જકાત, જાજરૂવેરો, ઘરવેરો, નળવેરો, વગેરેથી (પ્ર. ૩) મ્યુનિસિપાલીટી કયા ગામમાં હોય અને કયા ગામમાં ન હોય ? ઉ. પાંચ હજાર કરતાં વધારે માણસની વસ્તી હોય ત્યાં મ્યુનિસિપાલીટી હોય અને એથી ઓછી વસ્તી હોય ત્યાં ન હોય. (પ્ર. ૪) મ્યુનિસિપાલીટીનો કારભાર કોણ ચલાવે છે ઉ. સરકાર તરફથી નિમાયલા અને પ્રજા તરફથી ચુંટી કઢાયલા સભાસદો (પ્ર. ૫) એ સભાસદો શા નામથી ઓળખાય છે ? ઉ. કમિશનર. (પ્ર. ૬) મ્યુનિસિપાલીટીમાં સૌથી ઉપરી કોણ અને તેને મદદ કરવાને કોણ કોણ હોય છે ? ઉ. પ્રેસિડન્ટ અને તેને મદદ કરવાને કમિશનર અથવા ચીફ ઓફિસર સેક્રેટરી, ઇન્સ્પેક્ટરો ને કારકુનો વગેરે.

લોકલફંડ ખાતું—(પ્ર. ૧) લોકલફંડ ખાતું શું શું કામ કરે છે ? ઉ. કુવા, તળાવ, રસ્તા, વગેરે બાંધવાનું તથા સમરાવવાનું અને કેળવણી આપવાનું. (પ્ર. ૨) લોકલફંડ ખાતાનો ખરચ શી રીતે ચાલે છે ? ઉ. સરકાર જમીન ઉપર જે મહેસુલ લે છે તે

પર દર રૂપીએ એક આનો લોકલફંડનો વધારો લે છે, તેમાંથી ચાલે છે (પ્ર. ૩) લોકલફંડનો વહીવટ કરનાર મંડળને શું કહે છે ? ઉ. લોકલબોર્ડ. (પ્ર. ૪) લોકલ ફંડનો હિસાબ રાખનાર અધિકારીને શું કહે છે ? ઉ. લોકલફંડ કલાર્ક.

પોસ્ટ ખાતું—(પ્ર. ૧) પોસ્ટખાતું શું કામ કરે છે ? ઉ કાગળો, બંગીઓ, પારસલો તથા પૈસા એક ગામથી બીજે ગામ લઇ જવા લાવવાનું તથા પૈસા સાચવી તેનું વ્યાજ આપવાનું કામ કરે છે. (પ્ર. ૨) પોસ્ટ ઓફિસના ઉપરીને શું કહે છે ? ઉ. પોસ્ટ માસ્તર (પ્ર. ૩) પોસ્ટ માસ્તરને મદદ કરનાર કોણ કોણ હોય છે ? ઉ. ડેપ્યુટી પોસ્ટ માસ્તર, કારકુન, સિપાઇ, ટપાલી.

પરચુરણ—ઉપર સિવાય તારખાતું. જંગલખાતું, સરવૈખાતું એગ્રિકલચરખાતું, આબકારી ખાતું, કસ્ટમ ખાતું, નીમક ખાતું, શીતળા ખાતું, રજીસ્ટર ખાતું વગેરે ઘણાં ખાતાં છે.

સ્થાનિક પેદાશ—ગામમાં કે શહેરમાં કે જિલ્લામાં મુખ્ય પાક થતો હોય તે.

પરદેશ જતી ચીજો—જે વસ્તુની નીપજ ઘણી થાય તે વસ્તુ પરદેશ જતી ચીજોમાં ગણવી.

પરદેશથી આવતી ચીજો—ગામ શહેર કે જિલ્લા પ્રમાણે ખાંડ કામ, કાચ, કાપડ, ઇમારતી લાકડાં વગેરે આવતી ચીજો ગણવી.

વ્યાખ્યા.

શેરી—સામસામી ઘરોની હાર હોય તે.

મહોલ્લો—ઘણી શેરી મળીને થએલો ભાગ.

પરું— શહેરનો પાછળની વધેલો ભાગ.

ગામ—નાનાં નાનાં ઘણા ઘરની વસ્તી હોય તે.

કસ્બો—તાલુકાનું સૌથી મોટું ગામ. જેમાં ૫૦૦૦ કરતાં વધારે માણસની વસ્તી હોય તે.

શહેર—સારાં મોટાં બજારો, છાબંધ અને હારબંધ ઘણાં ઘરો હોય તે.

તાલુકો—ઘણાં ગામો મળીને થએલો ભાગ, જે મામલતદારના તાબામાં હોય છે તે.

જિલ્લો—કલેકટરના તાબાનો મુલક કે જેમાં ઘણા તાલુકા આવેલા હોય છે તે.

બંદર—નદી કે દરીઆ કાંઠે આવેલું શહેર કે જ્યાંથી ઘણો માલ વહાણ મારફતે આવ જા થતો હોય તે.

એજન્સિ—દેશી રાજાનો મુલક કે જે પોલિટિકલ એજંટના તાબામાં હોય છે તે.

પોલિટિકલ એજંટ—દેશી રાજ્યપર દેખરેખ રાખનાર સરકારી અધિકારી.

તળાવ—જેની ચારે બાજુ જમીન ને વચ્ચે પાણી તે.

બેટ—જેની ચારે બાજુ પાણી ને વચ્ચે જમીન હોય તે.

પહાડ—જે ઘણાં ઉંચા તથા લાંબા પહોળા ટેકરા મળી થએલો હોય તે.

નદી—મીઠા પાણીનો રેલો પર્વત અથવા સરોવરમાંથી નિકળીને નિચાણ જગાપર થઇ મોટી નદી અથવા દરીઆને મળે છે તે.

સમુદ્ર—ખારા પાણીનો ભાગ. આગબોટ વગેરેનો માલ લાવવા લઇ જવાનો ધોરી રસ્તો, કે નદીને મળવાનું ઠેકાણું.

મીઠબંદર—મીઠું પકવવાને મુકરર કરેલી જગ્યા.

હવા ખાવાનું ઠેકાણું—જે જગાપર સારી ને ખુલ્લી હવા હોય તે.

અથવા ડુંગરવાળી જગ્યા કે જ્યાં ચોકખી ને ઠંડી હવા આવે છે.

તિર્થસ્થળ—(જાત્રાનાં ઠેકાણાં) કે જેનું મહાત્મ્ય ઘણેદૂર સુધી જણાતું હોય અને પુષ્કળ જાત્રાળુ આવતા હોય તે જગ્યા.

[ડ્રીલ માટે આપેલી સૂચના પહેલી ચોપડીના અર્થમાં જુઓ.

ડમ્બેલ્સની ડ્રીલ.

દરેક રમત ૧૧ સુધી કરાવવી બારે ડમ્બેલ્સ પહેલાં મૂકેલા હતા તે પ્રમાણે મુકાવી દેવડાવવા.

હેતુ—છાતી તથા હાથના સ્નાયુ ખીલવવાનો.

રમત ૧૧) (૧) જમણો હાથ ઉંચો. (૨) જમણા હાથની મુઠી મોં તરફ લઇ ફેરવીને જમણો હાથ ઉંચો રાખવો.

રમત ૧૨) (૧) ડાબો હાથ ઉંચો (૨) ડાબા હાથની મુઠી મોં તરફથી લઇ ફેરવીને ડાબો હાથ ઉંચો રાખવો.

રમત ૧૩) (૧) જમણો હાથ ઉંચો (૨) જમણો હાથ માથા પાછળથી લઇ ફેરવીને ઉંચો રાખવો.

રમત ૧૪) (૧) ડાબો હાથ ઉંચો (૨) ડાબો હાથ માથા પાછળથી લઇ ફેરવીને ઉંચો રાખવો.

રમત ૧૫) બેઉ હાથ ઉંચા રાખવા (૧) જમણા હાથની મુઠી મોં તરફથી લઇ ફેરવી જમણો હાથ ઉંચો રાખવો. (૨) ડાબા હાથની મુઠી મોં તરફથી લઇ ફેરવીને ડાબો હાથ ઉંચો રાખવો.

રમત ૧૬) બેઉ હાથ ઉંચા રાખવા ૧) જમણો હાથ માથા પાછળથી લઇ ફેરવીને ઉંચો રાખવો. (૨) ડાબો હાથ માથા પાછળથી લઇ ફેરવીને ઉંચો રાખવો.

રમત ૧૭) બેઉ હાથ ઉંચા (૧) જમણો હાથ માથા ઉપરથી

મોં તરફથી લઇ ફેરવીને ઉંચો રાખવો. (૨) ડાબો હાથ માથા ઉપરથી મોં તરફથી લઇ ફેરવીને ઉંચા રાખવો.

રમત ૧૮) ૧) બેઉ હાથ સામા લાંબા મુઠીઓ જમીન તરફ, ૨) બેઉ હાથ બગલ આગળ લાવવા કોણીઓ પાછળી તરફ.

રમત ૧૯) ૧) બેઉ હાથ સામા લાંબા મુઠીઓ જમીન તરફ ૨) હાથ પાછળ લાંબા મુઠીઓ આકાશ તરફ.

રમત ૨૦) બે પગ વચ્ચે એક ફુટનું અંતર રાખવું. ૧) બેઉ હાથ ઉંચા. ૨) બેઉ હાથ પગના આંગળા આગળ.

પાઠવાર જોડાક્ષર તથા અઘરા શબ્દો.

પરમેશ્વર	વરેમાર્ગું	ભક્તિ	ધર્મશાળા	પૃથ્વી.
બતાવ્યું	બાંધ્યું	ચંદ્રમા	સરજ્યાં	ચંદ્ર
ધ્યાન	રહ્યા	પ્રભુ	પર્વ	શ્રાવણ
વસ્ત્ર	ત્રીસ	ચૈત્ર	કાઢયો	દ્રાક્ષ
રસ્તે	મળ્યો	ચાલ્યાં	પિત્તળ	લક્કડ
દોસ્ત	ભાગ્યશાળી	ફક્કડ	સજ્જડ	પ્રેમ
ડાહ્યો	કહ્યું	પૂછ્યું	ત્રણે	મહીના
ઝાલ્યો	વિદ્યા	મસ્તી	પુત્ર	શીખ્યો
વિચાર્યું	ચઢયું	પહોંચાડયો	માર્યો	જપ્તી
બચ્યું	પ્રાણી	અજાણ્યું	સમજાવ્યું	ઉંધ્યા
ફાવ્યો	પહોંચ્યું	માંડયું	આણ્યું	પસ્તાયો
મુફલ	ઊઠયો	કર્યો	પહેર્યો	ભીડયો

મુઠ્ઠી	યત્ન	ચકભિલ્લુ	ચક્કર	કુચ્છી
પ્રમાણે	ઠર્યા	કિલ્લો	ઉઠાડયો	દૃઢ
મિત્ર	બોલ્યો	જામ્યો	પાળ્યું	અર્ધું
ધાન્ય	ભાંગ્યું	દોડયો	હાર્યો	કલેશ
કદ્રા	ભાંગ્યો	રામચંદ્રજી	શ્રીરામ	કૌશલ્યા
પ્રધાન	જંત્ર	દર્પણ	નિર્દે	ઇચ્છા
ધર્યા	આર્યા	ગણકાર્યું	સર્વે	વળ્યું
મંગાવ્યા	ગુસ્સો	વિદ્યાર્થીઓ	મૂર્ખ	ભક્ત
ઇશ્વર	નાખ્યું	માર્યો	પસ્તાઇ	ગાર્ડ
કેળવ્યો	સ્ટેશન	સોંપ્યો	પાળ્યો	નવાડયો
ત્રીજાએ	જણાવ્યું	બ્રાહ્મણ	ફેંકયું	સાંભળ્યો
ચોકખું	જડયું	ગુમાવ્યું	ઉંચકયો	ખુલ્લું
બગાડયું	ડર્યો	નિહાળ્યું	હલાવ્યું	ભુખ્યા
લજવ્યું	વળ્યું	ઝાલ્યું	ભર્યા	બહુી
રડયુંખડડયું	આપકર્મી	બાપકર્મી	પ્રાર્થના	તીર્થ
દુશ્મન	પરણાવ્યો	છોડયું	મધ્યમાં	લશ્કર
ફેંકયો	ભેટયો	ચર્યો	ફુલાવ્યું	હંમેશાં
ભૂલ્યો	ધ્રૂજતો	ધ્રૂજે	પહેર્યો	સ્ત્રી
જડયો	પુષ્કળ	સરજાવ્યાં	સૂર્ય	પલ્લવ
સ્હાય	વનસ્પતિ	પશ્ચિમ	ઉત્તર	માસ્તર
સ્લેટ	વિજયા	ભૂસી	વચ્ચે	શીખ્યો

મુકાવ્યું	ક્યારડા	વર્ગ	વળ્યા	લલ્લુ
ઇશ્વરલાલ	બનાવ્યું	બંદોબસ્ત	ડાકટર	ખેડયું
લક્ષ્મણ	નિર્દય	છિદ્રો	સિક્કા	અત્તર
ઊગ્યું	ગુચ્છો	ટટ્ટુ	ઉત્તમ	અન્ન
કુક્કર	તત્કાળ	ઉદ્યોગ	વસ્તુ	પ્રીતિ
ટટ્ટી	નક્કર	સ્વાદ	છુટ્ટી	વત્તા
બાસ્તો	કરાવ્યાં	ગવૈયા	તિથિ	પખવાડીઆં
સરૈયા	નિશાન	અટકાવ્યાં	ઓસડવેસડ	શિકારી
અભાગીઉં	વિચ્આય	ગોંધતો	રિસાળ	ઢોંગ
ભાગ્યે	ખાટલુન	અનંત	નિરાધાર	ભૂલથાપ
ટપોટપ	પેંતરાં	બહાદુરી	ગેંડીદડા	કુટુંબ
સોહામણી	અંગેઠી	ઢીંગલી	સહીઅરો	સંતાપ
વિવાહ	નિંદ	ખેંચતાણ	બળવંતા	ઝોડઝપટ
માદળીઉં	ધંતરમંતર	ભાંગીતૂટી	કચરોપૂંજો	હુંફાળા
સરનામું	સિસોટી	મિનિટ	સંદેશો	ઢીમણું
દારડું	હિંચોળે	ફરજંદ	નીમણુક	ચીતરામણ
હોશિયાર	ઢેકા	કિનારે	દાનત	ગોરમટોળ
ચટાપટા	શિખામણ	સંપત	ખૂબસુરત	બરદાસ
દુઃખ	ખડખડાટ	દુબળા	સંકટ	પારધી
શીંગડાં	જરદી	ધગધગતી	સિંહ	પિઅર
ટાંકણે	ઓચિંતી	રાજપાટ	પ્રમાણે	તઠંગધુમ
ચઢાઉ	ઉપરાંત	સાહુકાર	તળાવડી	શેલો
ખંતીલા	અંગુઠીઆ	ઢુંકડું	જગપતિ	મહિમા

 બીજા ધોરણ માટે પદાર્થપાઠ ભા. ૨ પાંચ આના.

દિશા	કસરતશાળા	આથમણી	દક્ષિણ	વિશેષ
ખુરસી	નિચાણ	અધિકારી	હુંડી	સેકન્ડ
જંતુ	વિષ	કોથળો	કથરોટ	ચંબુ
તાંબાકુંડી	ટંકશાળ	તાંબુ	ચળકાટ	મજાગરાં
શિરોઈ	થાળી	લોટા	ખુજળી	સુપડા
ઝીંઝવો	ધુપેલ	સુંવાળા	તમાકુ	સુગંધ
પાંદડાં	સળંગ	સેંકડો	રાતડીઆ	મહીકાંઠા
ઢમરાં	હળપુણી	ધુસરી	સંતોષ	કોવત
કોઢ	ભોંય	અથાણું	ચટણી	ફુલ
પાકટ	વેંત	તાવડા	શિઆળવાં	હિસાબ
સફેદ	ઘઉં	રક્ષણ	મધપુડો	ઈંડા
આળસુ	જીવડાં	ચીકટ	ભિખારી	ભિંજાતું
દાઢ	આંગળાં	નિશાળ	ખુણેખોચરે	નુકશાન
દાબડા	નીમકહલાલ	સુંવાળા	ભુસું	શરત
નાળબંધ	અડીઅલ	ગધેડું	ભૂંકે	પુછડી
સુરજ	સાંઠા	સંબંધી	ઠેકડા	ઉદેસીંગ

બીજા ધોરણનો "મુખગણિક શિક્ષક" પોણા બે આના.

બીજી ચોપડીનો "ડિકટેશન શિક્ષક" બે આના.

બીજા ધોરણ માટે "અંકગણિતનાં મનોયત્ન" ચાર આના.